# કવિતા

## ગુજરાતી કવિતાને વેબ પર મૂકવાનો એક નમ્ર પ્રયાસ

ગુજરાતી સાહિત્યને વેબ પર મૂકવામાં ઘણી મુશ્કેલીઓ છે. પ્રથમ તો એ કે ગુજરાતીમાં ઘણા ફોન્ટ છે પણ સાથેસાથે ઘણાં બધાં કીબોર્ડ પણ છે. આ દરેક કીબર્ડ ના કમાન્ડ પણ જુદા જુદા હોવાથી એક ફોન્ટમાં ટાઈપ કરેલું વસ્તુ બીજા ફોન્ટમાં ફેવી શકાતું નથી.

વળી ફોન્ટ પણ એવા છે કે જ્યારે એમાં ટાઈપ કરેલું લખાણ htmlમાં ફેરવીને વેબ સાઈટ પર મૂકવાં આવે છે ત્યારે શબ્દોમાં માત્રી અને હ્રસ્વ ઉ( ુ ) કે દીર્ઘ ઊ( ૂ ) કે અનુસ્વાર પછી બીન જરૂરી જ્ગ્યા છૂટી જાય છે.

છતાં જે નથી તેને ભૂલી જઈને જે છે તેને સ્વીકારીને ગુજરાતી સાહિત્ય વેબ પર મૂકવામાં ઢીલ કરવી ઉચિત નથી. આ બધા અવરોધોને ધ્યાનમાં લઈ કવિતાને pdf માં ફેરવી વેબ પર મૂકી જોવા પ્રયત્ન કરી જોઉં છું. આશા છે કે સૌ વાંચકો એને વધાવી લેશે અને એમાં સુધારા સૂચવી આ શૂભ કાર્યમાં મદદરૂપ થશે.

આ સાથે મારાં કેટલાંક લઘુ કાવ્યો, મુક્તકો રજુ કરું છું. આપને પણ આપનાં કાવ્યો અહીં પ્રસિધ્ધ કરવા મોકલી આપવા વિનંતિ કરું તો અસ્થાને નહીં ગણાય.



J. D. PATEL

**જયંતીભાઈ પટેલ**

કવિતા મારો વિષય નથી પણ
ક્યારેક અનાયસે એમાંય
પ્રવેશવા પ્રયત્ન કરું છું.
આમ કરતાં જે થોડું લખાયું
એમાંના કેટલાંક લઘુકાવ્યો-
મકતકો અહીં રજુ કર્યાં છે.
આશા છે કે આપને ગમશે.

### નાટક કરી લઈએ

ચાલો ફરી એકવાર આપણે
ભગવાનને ભજવાનું નાટક કરી લઈએ;
સ્વપ્નેય પામ્યા નથી એ
સમૃધ્ધિ પામવા સારું ત્રાટક કરી લઈએ.
અમને ખબર છે કે ભગવાનનેય
ભીડ પડી છે સાચા ભક્તોની;
જેને એ શોધી રહ્યો છે વરસોથી.
આવો આપણે એની ઝોળી ભરી દઈએ.
ચાલો ફરી એકવાર આપણે
ભગવાનને ભજવાનું નાટક કરી લઈએ.

### દેવાદાર

ના હું માલદાર નથી, દેવાદાર છું ;
તને ખબર તો છે, સ્મિત તારું ;
વર્ષોથી માગી ગયો છું પણ
એ પરત કરી શક્યો ક્યાં છું?

# શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદની કેટલીક રચનાઓ

આ માસના કવિ :



**શાહ પ્રવીણચન્દ્ર કસ્તુરચંદ**

જીવનનાં અનેક પાસાંમાંથી અનુભવનું ભાથું એકત્ર કરી હવે નિવૃતિએ પહોંચેલા શ્રી પ્રવીણચંદ્ર કસ્તુરચંદ શાહ હિંદી, ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યમાં કવિતા સર્જનમાં પોતાની પ્રતિભાની ઝાંખી કરાવી રહ્યા છે.

એ કડી અને અમદાવાદમાં હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કરી મુંબઈમાં કોમર્સ કૉલેજમાંથી સ્નાતક થયેલા છે.

પછી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે, 'સુકાની' અઠવાડિકમાં, ફિલ્મ લઈનમાં, સ્પિનિંગ- વિવિંગ કંપનીમાં અને પછી પોતાના સ્વતંત્ર વ્યવસાયમાં કામગીરી કરી તેમણે અનુભવનું ભાથું એકત્ર કર્યું છે. આ દરમિયાન તેમણે રચેલી કેટલીક કવિતાઓ અત્રે રજુ કરી છે. આશા છે કે સૌ વાંચકોને એ ગમશે. આપના અભિપ્રાય મોકલી આપવા વિનંતિ.

pravinchandra@lycos.com

## આંખ અને પ્યાર

તારી  આંખનો અણસાર મારા પ્યાર જેવો છે ;
મારી  આંખનો અણસાર તારા પ્યાર જેવો છે.
કરી મેં બાદબાકી પ્યાર ને અણસાર કેરી તો ;
વધ્યો જે પ્યાર તે તારી આંખના અણસાર જેવો છે.

## તારીખ

પહેલી અને છેલ્લીમાં આ એક જ તફાવત છે ;
પહેલીમાં  લગાવટ  છે, છેલ્લીમાં  બગાવત  છે.

## પતંગ

ઊંચે આભે તું વિસ્તરતો'તો,
પાંખ પ્રસારી તું ચોગમ ફરતો'તો ;
પણ જ્યાં દોર કપાયો કે
તું અડવડિયાં ખાતો'તો ;

ધરતીનાં છોરુંની વચ્ચે,
ચરર ચરર ચિરાતો'તો.
જીવન તારું જોઈ
મનમાં કંઈ કંઈ થાતું'તું ;

દોર તૂટ્યો જ્યાં સાથ તણો કે
સહુનું આવું થાતુ'તું.

## શિરછત્ર

મેં ચાહી  દુનિયાની  મૈત્રી ;
મેં  દીધી દુનિયાને મૈત્રી ;
દુઃખનાં વાદળ રેલ્યાં જ્યારે,
ધરી ના કો'એ શિરે છત્રી

## સાચો પ્રેમ

ના કૈં ખોટો ખેલ કર્યો છે ;
ના મનમાં કૈં મેલ ભર્યો છે ;
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

ભલે અવરની સાથ વિરાજો ;
ભલે સિંહાસન અન્ય બિરાજો ;
કંચન શિખર માલ મહેલે
જોઈ તમોને અંતર શીતલ ;
નથી કૈં જેમ તેમ કર્યો છે ;
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

મેં પણ ક્યાં ના બીજા સાથે
જીવનનો સથવારો શોધ્યો ?
સંગિનિની સાથે સાથે
જીવનનો સધિયારો અર્પ્યો ?
સંગિનિની દેહલતામાં તારો
પડછાયો ભરપૂર ભર્યો છે ;
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

તમે રહી પડ્યાં
હેમખેમ તમારા ઘરમાં ;
અમે પણ રહી પડ્યા
તેમ અમારા ઘરમાં ;
કેવો જીવનનો ફેરો ફર્યો છે ?
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

## સતત

હજારો પ્રેમની ક્રીડા અહીં
મેં ખેલાતી દીઠી છે ;
હજારો  દર્દની પીડા અહીં
મેં રેલાતી દીઠી છે.

## હું તું એક જ

હું વૃંદાવન, હું છું કાશી ;
હું પાણીપત ને હું ઝાંસી ;
હું જ બુધ્ધ ને હું જ ગાંધી ;
હું જ શાંત હવાની આંધી.

હું જ કાગની કાકા ને કોયલની કૂકૂ,
ઋતુઓમાં વસંત કે પતઝડ તે હું ;
આ પૂજનમાં હું ને ભકિત પણ હું ;
સુદામો કે સુદર્શન શકિત પણ હું.

હું જ સાજન ને સજની ;
હું જ દિવાકર ને હું જ રજની ;
ફૂલ પણ હું છું, આ માળા પણ હું ;
પહેરી લઉં, મારી ડોકે, જાણે હો તું.

કહે હવે તું કોણ? ને કોણ છું હું?
તું મારામાં, તારામાં રહેતો તે હું.

## પ્રાપ્તિ

એને શું ગાદી-તકિયો?
કે ના એને વનવગડો.
એ રહે ફરતો તુજમાં ;
નવ કોઈ એને ઝઘડો.

હવે ચણાશે જે નવાં મકાનો,
ત્યાં સીડી-લીફ્ટ મુકાશે નહીં ;
ફુટશે બોમ્બ, પહોંચી જવાશે
સીડીનીની જરૂર પડશે નહીં